# અર્પણ

આપણી પરંપરિત ધર્મ-અધ્યાત્મ-સાધનાપરંપરાની કેડીએ આજે પણ ચાલનારા સાધકો ઉપરાંત લોકસંગીત-ભક્તિસંગીત જેમના કંઠે આજે પણ જીવંત સરવાણીરૂપે વહી રહ્યું છે એવા સેંકડો સાચા ભજનિકો-માહિતીદાતાઓ અને તમામ લોકવિદ્યાક્ષેત્રના મરમી વિદ્વાનો પ્રત્યે આભાર વ્યક્ત કરીને, ગુજરાતી સંતસાહિત્ય તથા લોકસાહિત્યને વિશ્વસાહિત્યના દરજ્જા સુધી પહોંચાડવા માટે સક્ષમ એવા નવી પેઢીના સંશોધકોને આ ક્ષેત્રમાં વધુ ને વધુ ઊંડા ઊતરીને પૂર્ણ પ્રમાણભૂત સંશોધનકાર્ય કરવાની પ્રેરણા અને શક્તિ પરમાત્મા આપે એવી પ્રાર્થના સાથે...

# ભારતીય સંસ્કૃતિ

ભારત શબ્દ બે શબ્દોના જોડાણથી બન્યો છે. ભા એટલે આભા-પ્રકાશ. અને રત એટલે કોઈક સાથે સંલગ્ન. એટલે કે જે ધરતી પ્રકાશ, જ્ઞાન અને શુદ્ધ સાત્ત્વિક આનંદની સાધનામાં સંલગ્ન છે તે જ છે ભારત. 'અસતો મા સદ્‌ગમય. તમસો મા જ્યોતિર્ગમય. મૃત્યોર્માઅમૃતંગમય'ના મંત્રોનું ગાન જે ધરતી ઉપર યુગોથી થતું રહ્યું છે એનું જ નામ ભારતવર્ષ છે. આપણી માતૃભૂમિની આ વિશિષ્ટતા ભારતીય સનાતન ધર્મના તમામ શાસ્ત્રગ્રંથોમાં પ્રવાહિત થતી રહી છે.

ધર્મ એટલે શું? ધર્મ શબ્દ 'ધૃ' ધાતુ પરથી બન્યો છે, જેનો અર્થ છે ધારણ કરવું. સ્થિર અને પુષ્ટ કરવું. ધર્મ એને જ કહેવાય કે જે જીવમાત્ર પ્રત્યે દયા દાખવવાનું કર્તવ્ય નિભાવતો હોય. આજના વ્યવહારમાં લેવાતા 'ધર્મ' કે 'રિલિજિયન' શબ્દો અત્યંત અર્થસંકોચ પામ્યા છે. આજે તો ધર્મ- મઝહબ-રિલિજિયન એટલે એવું સામાજિક સંગઠન કે જેમાં માત્ર ને માત્ર પોતાની સાથે જોડાયેલા જ સાચા, મિત્ર કે ધાર્મિક. અને અન્ય વિચારધારા ધરાવતા લોકો દુશ્મન, અધાર્મિક કે ખોટા. આ કહેવાતા ધાર્મિકોનો એમનો પોતાનો એક જ શાસ્ત્રગ્રંથ હોય, એક દર્શન કે વિચારધારા હોય, નિશ્ચિત ક્રિયાકાંડ હોય, ચોક્કસ પ્રકારની આચારસંહિતા હોય, વિશિષ્ટ પ્રકારની પૂજા-ઉપાસના-આરાધનાનાં વિધિ-વિધાનો હોય.

જ્યારે ભારતીય સનાતન ધર્મમાં કોઈ એક જ શાસ્ત્રગ્રંથ-દર્શન-ક્રિયાકાંડ-આચારસંહિતા-વિધિવિધાનોનું બંધન નહોતું. વૈદિક ઋષિ-મુનિઓ દ્વારા પ્રકૃતિનાં ગ્રહો, નક્ષત્રો, તારાઓ, અગ્નિ, આકાશ, વાયુ, જળ, પૃથ્વી, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ ઉપરાંત તમામ ચીજો-પદાર્થોનું પૂજન અને અર્ચન કરવામાં આવતું. એ પછીના ગાળામાં ઉપનિષદકાળમાં જ્ઞાન-તત્ત્વચિંતન- બ્રહ્મચિંતન-સાધના-ઉપાસનાનો યુગ શરૂ થયો. પછી બ્રાહ્મણગ્રંથો-દર્શનો-સંહિતાઓ સાથે યજ્ઞ-યાગ-હવનનો પ્રવાહ શરૂ થયો અને ત્યાર બાદ આવ્યાં વિવિધ પુરાણો, જેમાં શૈવ, વૈષ્ણવ, શાક્ત, સૌર, ગાણપત્ય જેવી ધારાઓનાં અનેક પુરાણો રચાયાં, પણ ભારતીય સંસ્કૃતિમાં તો તમામ વિચારધારાઓને - વેદમાન્ય હોય કે વેદબાહ્ય... સમાન સ્વીકૃતિ મળતી રહી. આ વિકાસયાત્રામાં જુદા જુદા વિચારકો, તત્ત્વચિંતકો, સાધુઓ, સંતો, યોગીઓ, કર્મ કે સેવામાર્ગીઓએ પોતપોતાની રીતે સમગ્ર સમાજનું કલ્યાણ થાય એવી કેડીઓ કંડારી આપી. સંપૂર્ણ સૃષ્ટિની માનવજાતને માટે સત્ય, અહિંસા, દયા, કરુણા, પ્રેમ, ભ્રાતૃભાવ, ત્યાગ, વિદ્યાઉપાસના જેવાં તત્ત્વોથી આપણો ભારતીય સનાતન ધર્મ વિકસતો રહ્યો. એણે બહારથી આવનારી વિવિધ ધર્મ-સંસ્કૃતિઓનો પણ આદર કરીને એનાં સારાં તત્ત્વોનો પોતાના ધર્મમાં સ્વીકાર કર્યો.

### (૧) સનાતન ધર્મ:

સનાતન એટલે શાશ્વત, જે ભૂતકાળમાં હતો, આજે છે અને ભવિષ્યમાં પણ રહેવાનો છે. એનો પ્રારંભ સૃષ્ટિના પ્રારંભ સાથે જ થયો છે, જેનો કોઈ અંત નથી, સૃષ્ટિનો પ્રલય થાય અને ફરી નવસર્જન થાય ત્યારે પણ આ ધર્મ કોઈ ને કોઈ સ્વરૂપે પ્રગટ થતો રહે છે, તેથી તે 'સનાતન ધર્મ' છે.

### (૨) ભારતીય સંસ્કૃતિ:

ભારતીય સંસ્કૃતિ ત્રણ કાંડોમાં વિભાજિત છે. કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડ. 'સંસ્કૃતિ' શબ્દનો સીધોસાદો વાચ્યાર્થ એટલે 'શુદ્ધ કરવાની ક્રિયા' અને લક્ષ્યાર્થ લઈએ તો 'ધર્મ આચરણ, વિદ્યા અને જીવનનાં તમામ પાસાંઓની ઉન્નતિ' એવો કરી શકાય. 'સંસ્કૃતિ' શબ્દ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. સંસ્કૃત વ્યાકરણ મુજબ સમ્ (ઉત્તમ) ઉપસર્ગની સાથે, કૃગ્ ધાતુમાંથી ઉત્પન્ન થયેલ ક્તિ પ્રત્યય જોડવાથી સંસ્કૃતિ શબ્દ બન્યો છે.

'સંસ્કૃતિ'નો એક અર્થ છે 'ઉત્તમ કૃતિ' એટલે કે દેહ, ઇન્દ્રિય, પ્રાણ મન, બુદ્ધિ વગેરેની સમ્યક્ ચેષ્ટાઓ કે હલચલો, જેમાં લૌકિક, પારલૌકિક, ધાર્મિક, આધ્યાત્મિક, આર્થિક અને રાજનૈતિક તથા તમામ પ્રકારની ઉન્નતિ કે શુદ્ધીકરણની પ્રક્રિયાઓનો સમાવેશ થતો હોય.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મની ચાર ધારાઓ સ્પષ્ટ રૂપે જોવા મળે છે,

૧) શ્રૌત ધર્મ - જે વૈદિક પરંપરા, વેદકાલીન ધર્મ-અધ્યાત્મની ધારાને સાચવીને, યથાતથ જાળવીને વહેતી રહી છે.

૨) સ્માર્ત ધર્મ - જે સ્મૃતિગ્રંથોમાં વર્ણવાયેલા કર્મકાંડને અનુસરે છે.

૩) પૌરાણિક ધર્મ - જે પુરાણોમાં વર્ણવાયેલાં લોકવિશ્વાસો, શ્રદ્ધાઓ, માન્યતાઓ અને જનસાધારણમાં પ્રચલિત કથાઓને આધારે ટકી રહ્યો છે.

૪) વેદબાહ્ય - જે વેદપુરાણો, મૂર્તિ મંદિરો, યજ્ઞ ક્રિયાકાંડો તથા બ્રાહ્મણ પરંપરાનો વિરોધ કરીને વિધવિધ લૌકિક મંત્ર, તંત્ર અને યંત્ર દ્વારા પરમ ચેતનાની નિર્ગુણ કે સગુણ ભાવે ઉપાસના કરે છે.

**(૩) સંસ્કૃતિનાં પાંચ અંગઃ**

ભારતીય દર્શનો મુજબ સંસ્કૃતિનાં પાંચ મુખ્ય અંગ છેઃ ધર્મ, દર્શન, ઇતિહાસ, વર્ણ, અને રીતરિવાજ. કોઈ પણ દેશ કે જાતિનો આત્મા સંસ્કૃતિ જ છે, જેનાથી કોઈ પણ દેશ કે જાતિના સંસ્કારોનો બોધ થાય છે. અંગ્રેજીના કલ્ચર શબ્દ સાથે સામ્ય ધરાવતો આ શબ્દ આપણા ભારતીય હિન્દુ સમાજમાં સંસ્કાર તરીકે પણ ઓળખાય છે. ભારતીય સંસ્કૃતિ વેદમૂલક સંસ્કૃતિ છે. આપણા ઋષિ-મુનિઓ દ્વારા, શાસ્ત્રકારો અને સ્મૃતિકારો દ્વારા ધર્મ, સત્ય, અહિંસા, અપરિગ્રહ, અસ્તેય, ત્યાગ, તપ, દાન, બ્રહ્મચર્ય, કર્મ, જીવ, ઈશ્વર, બ્રહ્મ, માયા, અને પરમ તત્ત્વના સાક્ષાત્કાર વિશે જે ગાઢ ચિંતન થયું તેના પરિણામ સ્વરૂપ ભારતીય સંસ્કૃતિનો ઉદ્ભવ અને વિકાસ થતો રહ્યો છે.

**(૪) સંસ્કૃતિના પાયાઃ**

જ્ઞાન, ભક્તિ, યોગ, અને કર્મ (સેવા) એ ચાર તત્ત્વો સંસ્કૃતિના મૂળભૂત પાયા છે, જેનો સંબંધ ધર્મ કે અધ્યાત્મ સાથે છે.

૧) મનુષ્યને માનવવિકાસના ઉચ્ચતમ શિખરે પહોંચાડીને જીવનમુક્તિની અવસ્થામાં પ્રતિષ્ઠિત કરાવવો.

૨) ગુરુમાહાત્મ્ય, ગુરુપૂજા, ગુરુભક્તિ.

૩) સમગ્ર બ્રહ્માંડનું સર્જન, પાલન-પોષણ અને સંહાર કરનારા પરમતત્ત્વ સાથે અનુસંધાન.

૪) કોઈ પણ વર્ણ કે જાતિના ભેદભાવ વિના પરમતત્ત્વની પ્રાપ્તિનો અધિકાર તમામ જીવને એવી ભાવના.

૫) માનવીને પોતપોતાના અધિકાર કે શક્તિ મુજબ મંત્રયોગ, તંત્રયોગ, હઠયોગ, સહજયોગ, કર્મયોગ, લયયોગ, પ્રાણયોગ, આત્મયોગ, શબ્દ સરતિયોગ, નાદાનસંધાન કે રાજયોગ મુજબ ભક્તિ-અધ્યાત્મના ક્ષેત્રમાં પરમતત્ત્વની પ્રાપ્તિ સુધી પહોંચાડવા મદદગાર થવું એ ભારતીય સંતસંસ્કૃતિનો મુખ્ય હેતુ છે. અને એટલા માટે તો ધર્મ કે અધ્યાત્મસાધનાના અનેક માર્ગોનો વિકાસ થયો છે.

૬) પરંપરિત વેદધર્મપ્રણિત માન્યતાઓ સાથે અનુસંધાન અને વિશ્વાસ. પાંચ તત્ત્વ, ત્રણ ગુણ, પચીસ પ્રકૃતિ-પંચીકરણ, શિવ સ્વરોદય, અષ્ટાંગયોગ, ષટ્ચક્રભેદન, પ્રાણાયામ.

૭) જન્મ-પુનર્જન્મની માન્યતા.

૮) સગુણ-નિર્ગુણ ઉપાસના.

૯) નિયંતા (ઈશ્વર) અને નિયતિ

૧૦) કર્મને જીવનનું આવશ્યક લક્ષણ મનાયું છે, જે કર્મ સ્વાર્થ સહિત હોય અને જેમાં જ્ઞાનનો ભાવ ન હોય તો કર્મ માનવીનું કલ્યાણ કરતું નથી.

૧૧) ત્યાગ અને આત્મનિયંત્રણ.

૧૨) પિંડમાં બ્રહ્માંડનું દર્શન - સોહમ્ સાધના.

૧૩) રહસ્યવાદ - નામ વચનની સાધના.

૧૪) અહિંસા - દરેક જીવ પ્રત્યે સમાનતા અને પ્રેમનો ભાવ - અહિંસાનો સિદ્ધાંત.

૧૫) બ્રહ્મચર્ય અને ક્ષમાતત્ત્વ.

## (૫) સંસ્કૃતિઓનો ઉદ્ભવ, વિકાસ અને વિનાશઃ

કાળનું અવિરત ચક્ર સદૈવ ફરતું રહે છે, જેમાં અનેક માનવસંસ્કૃતિઓનો ઉદ્ભવ, વિકાસ અને વિનાશ થતો રહે છે. પ્રાચીનકાળથી માંડીને આજ સુધીમાં જગતમાં અનેક સંસ્કૃતિઓ અવિર્ભાવ પામી છે, જેમાં મિસરની સંસ્કૃતિ, સુમેરિયન સંસ્કૃતિ, બેબીલોન સંસ્કૃતિ, એસિરિયન સંસ્કૃતિ, ચીનની સંસ્કૃતિ, ઈરાનની સંસ્કૃતિ, ગ્રીસની સંસ્કૃતિ, રોમન સંસ્કૃતિ અને ભારતીય આર્ય સંસ્કૃતિને નોંધપાત્ર કે અતિ મહત્ત્વની સંસ્કૃતિઓ તરીકે ઓળખાવી શકાય.

અત્યંત પ્રાચીનકાળથી માંડીને આજ સુધીમાં આપણી ભારતીય સંસ્કૃતિ ઉપર અનેક પ્રકારની જુદી જુદી સંસ્કૃતિઓનાં આક્રમણો થતાં રહ્યા છે. છતાં એનું મૂળભૂત નિજી સ્વરૂપ જળવાયું છે, એની પાછળ કારણભૂત છે આપણાં વેદ-ઉપનિષદ-બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્ ભગવદ્ગીતા કે મહાભારત-રામાયણ જેવાં મહાકાવ્યો અને ધર્માચાર્યો, યોગીઓ, સિદ્ધ-સાધકો, સંતો-ભક્તો, અને મરમી કવિઓ.

આજના આધુનિક યુગમાં અનેક પ્રકારની વિદેશી સંસ્કૃતિઓનાં આક્રમણો વચ્ચે પણ ગામડાનો ભારતીય જનસમુદાય પોતાના મૂળ લોકધર્મી સંસ્કારોને જીવતા રાખી શક્યો છે તેની પાછળ આપણા રહસ્યવાદી-મરમી સંત-ભક્તકવિઓની પરંપરાઓ અને સાહિત્ય કારણભૂત છે એમ જરૂર કહી શકાય.

આત્મશુદ્ધિને કેન્દ્રમાં રાખીને આત્માનુભવ, આત્મ-સાક્ષાત્કાર અને આત્મદર્શનને માનવજીવનનો પરમ પુરુષાર્થ માનનારી આ સંતપરંપરાઓ ભલે ધર્મ, પંથ, સંપ્રદાય, સાધના કે સિદ્ધાંતોમાં વિચારભેદ દર્શાવતી હોય એમ લાગે, પણ એમનું સંસ્કૃતિબીજ એક જ છે અને તે છે ભારતીય સંસ્કૃતિનું.